પરિપત્ર:

વિષય: બિપોરજોય વાવાઝોડાની પરિસ્થિતિ અંતર્ગત કોલેજોમાં રજા રાખવા બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તથા અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે "બિપોરજોય" વાવાઝોડાની વિશેષ અસર થવાની સંભાવના હોવાથી અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે **તા.૧૫/૦૬/૨૦૨૩ તથા તા.૧૬/૦૬/૨૦૨૩** ના રોજ રજા જાહેર કરવામાં આવે છે. આ દિવસો દરમિયાન કોલેજનાં આચાર્ય સહિત સમગ્ર સ્ટાફે હાજર રહેવાનું રહેશે તથા હેડક્વાર્ટર છોડવાનું રહેશે નહિ તેમજ વાવાઝોડાની પરિસ્થિતિને ધ્યાને લઇ નીચે દર્શાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલવારી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

1. કોલેજે પોતાની વેબસાઇટ તથા અન્ય માધ્યમથી વિદ્યાર્થીઓને તા.૧૫-૧૬ જૂન, ૨૦૨૩ ના રોજ રજા બાબતે માહિતગાર કરવાનું રહેશે.
2. કોલેજે વિદ્યાર્થીઓને સ્પષ્ટ માર્ગદર્શન મળી રહે તે હેતુથી કોલેજ નોટિસ બોર્ડ ઉપર અધિકૃત વ્યક્તિનાં નામ, મોબાઇલ નંબર દર્શાવવા.
3. સરકારશ્રી/વહીવટીતંત્રની સૂચના અનુસાર વાવાઝોડાની પરિસ્થિતિનો સામનો કરવા કોલેજે સહાયરૂપ થવા અનુરોધ કરવામાં આવે છે.
4. વાવાઝોડાની પરિસ્થિતિનો સામનો કરવા અંગે સરકારશ્રીની માર્ગદર્શક સૂચના અનુસાર આવશ્યક પગલા લેવાના રહેશે.
5. ઉક્ત તમામ વિગતોએ કોલેજનાં આચાર્યશ્રીએ તેમની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૧૯૩/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૪/૦૬/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તથા અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓને તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...